# BOOKFAIR BULLETIN

9/1/2024

DAY 4

9th Vibrant AMDAVAD NATIONAL BOOK FAIR

6th to 12th Jan. 2024

GMDC GROUND




પુસ્તકમેળાના ચોથા દિવસે ચારેય દિશામાંથી પુસ્તકપ્રેમીઓનું આગમન થયું હતું. માત્ર અમદાવાદનું જ નહીં પણ સમગ્ર ગુજરાતનું કેન્દ્ર પુસ્તકમેળો બની ગયું છે. એક જ સ્થળ પર અનેકવિધ સાંસ્કૃતિક સાહિત્યિક સંગમ રચાયો હતો. આજ તા. ૦૯/૦૧/૨૦૨૪ને મંગળવારનાં રોજ કુલ મુલાકાતીઓની સંખ્યા અંદાજિત 14,000ને પાર પહોંચી હતી. બુક ફેરમાં સવારે જ્ઞાનગંગા વર્કશોપ અંતર્ગત ફિલ્મ સ્ક્રિપ્ટ રાઇટીંગ, ગુજરાતી કલાસિકમાં સર્જક સંવાદ, ત્રિવેણીમાં લોકગીત અને લોક ભજનો અને ચિલ્ડ્રન ફિલ્મ ફેસ્ટિવલમાં 1.Life and Life - Iran, 2. A Happy Pizza Day - Hindi, 3. Wrong Again - Laurel And Hardy આ ફિલ્મોનું બાળકો માટે આયોજન થયું હતું.












નેશનલ બુકફેરની મુલાકાત લેનાર લોકો દ્વારા પુસ્તક પરબમાં કુલ 198 પુસ્તકો ડોનેટ કર્યા હતા. જ્યારે 280થી પણ વધુ પુસ્તકો લોકો વાંચવા માટે લઈ ગયા હતા.




પોતાની કલમ દ્વારા ગુજરાતી સાહિત્યને રળિયાત કરનાર સર્જક સંવાદમાં કવિ, લેખક, નાટ્યકાર, દિગ્દર્શક અને અભિનેતા સૌમ્ય જોશીનું સેશન હતું જેનું સંચાલન હરદ્વાર ગોસ્વામીએ સંચાલન કર્યુ હતું. તેઓ ગુજરાતી રંગભૂમિમાં તેમના નાટકો વેલકમ જિંદગી અને ૧૦૨ નોટ આઉટ માટે જાણીતા છે. હરદ્વાર ગોસ્વામીએ સંવાદની શરૂઆત "ગોતી લો ગીત"ની રચનાના પ્રશ્નથી કરવામાં આવી જેના જવાબમાં સૌમ્ય જોશીએ કહ્યું કે લખતાં પહેલા વિચારી લીધું હતું કે મારે ગરબો નથી લખવો કેમ કે "ગુજરાતી પ્રજા એટલે માત્ર પૈસો નથી અને ગુજરાતી સંગીત એટલે માત્ર ગરબો નથી." ત્યાર બાદ કેટલાક તેમના જીવન વિશેના, તેમના સાહિત્યિક, પારિવારિક વારસા અને તેમની લોકપ્રિય રચનાઓ વિશે વાતો કરી અને કેટલાક દર્શકો માંથી પણ પ્રશ્નો પૂછાયા ત્યારે ખરા અર્થમાં સર્જક સંવાદનો માહોલ સર્જાયો હતો.




ત્રિવેણી કાર્યક્રમ અંતર્ગત જાણીતા લોક ગાયક, સંગીતકાર હાર્દિક દવે અને તેમની ટીમે બુક ફેરના માહોલને લોકભજન અને લોકગીતથી ગુંજતો કર્યો હતો. તેમને સાંભળવા માટે બહોળી સંખ્યામાં લોકોએ હાજરી આપી હતી અને તેમના તાલે તેઓ ઝૂમી ઉઠ્યા હતા. હાર્દિક દવે દ્વારા ગુજરાતી સાહિત્યના એવા કેટલાક જૂનાં અને જાણીતા ગીતોની પ્રસ્તુતિ દ્વારા આપણા ભવ્ય ભાતીગળ વારસાને યાદ કર્યો હતો. પ્રાચીન ભજનોની અર્વાચીન પ્રસ્તુતિ નોખો અનોખો રંગ લાવી હતી. શ્રોતાઓને વૈભવી વારસાની યાદ અપાવી હતી અને લોકોને લોકસાહિત્યમાં રંગે રંગ્યા હતા. સંચાલન હરદ્વાર ગોસ્વામીએ કર્યું હતું.



જ્ઞાનગંગા વર્કશોપ અંતર્ગત ગુજરાતી ફિલ્મ ઉદ્યોગના યુવાલેખક બેલડીની આવેલી ગુજરાતી ફિલ્મ 'લવ ની ભવાઈ'ના લેખક તરીકે લોકપ્રિય બનેલા મિતાઈ શુક્લ અને નેહલ બક્ષી દ્વારા યુવાનોની શૈલીમાં નવનિર્મિત ફિલ્મો જેમાં Animal, 12th Fail જેવા ઉદાહરણો દ્વારા ફિલ્મ લેખન કે કોઈ પણ લેખન કેવી રીતે કરવું તેની ચર્ચા કરવામાં આવી હતી. મિતાઈએ લેખન વિશે વિશેષ જણાવ્યું કે, લેખક તરીકે તમારા વિચારોને Open થવાં દેવા જોઈએ જેથી 'Audience' પોતાનાં વિચારો અને લાગણીઓને ફિલ્મ સાથે સંકળાયેલી રાખી શકે. આજની ફિલ્મ લખવા લેખક પાસે આજના સમયનો મબલક અનુભવ પણ જરૂરી છે, જે બંને લેખકોનો સાર હતો.